જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૬/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૨૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૫૫	૧	૧૧૫૫૬	૧૭૬૭૦	૧	૧૭૬૭૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૧૯	૦	૪૭૧૯	૬૨૫૪	૦	૬૨૫૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૨	૦	૯૨	૩૩૨	૦	૩૩૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૮૫૬૬	૨૯૬	૫૮૮૬૨	૫૯૧૫૩	૩૦૩	૫૯૪૫૬
કુલ		૭૪૯૩૨	૨૬૭	૭૫૨૨૯	૮૩૪૦૯	૩૦૪	૮૩૭૧૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૯	૨,૩૯,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૪૯	૨૦,૪૯,૦૦૦/-

અમરાઈવાડી પોલીસ સ્ટેશન

આત્મહત્યા કરવા જતા યુવકને ગણતરીની મિનિટોમાં રેલ્વે ફાટક પરથી બચાવી પ્રશંસનીય કામગીરી કરતી અમરાઇવાડી પોલીસ

મે.પો.કમી.શ્રી અ'વાદ શહેર તથા અધીક પો.કમી. શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડીવીજન સાહેબની સુચના આધારે આત્મહત્યા ના મેસેજ મા સત્વરે કામગીરી કરવા પોલીસ ઇન્સપેકટર ડી.બી.મહેતા સાહેબના માર્ગદર્શન હેઠળ આજરોજ પો.સબ.ઇન્સ એ.આર.ચૌધરી નાઓ રૂબરૂ રાતના કલાક ૧૦/૦૦ વાગે ફરીયાદ વિભાગ માં એક ભાઇ દ્વારા તેમનો દિકરો સુસાઇડ નોટ લખી આત્મહત્યા કરવા ગયેલ છે તે મુજબની જાહેરાત કરાતા પો.સબ.ઇન્સ એ.આર.ચૌધરી દ્વારા તાત્કાલીક ઝોન-૫ સાહેબની ઓફીસ ખાતે થી તે યુવકના મોબાઇલ નંબરનુ લોકેશન મેળવી સર્વેલન્સ સ્કોર્ડના એલ.આર. પિયુશ કરમશીભાઇ તથા એલ.આર. જિગ્નેશ દિનેશભાઇ તથા એલ.આર. અનિલ ગોવિંદભાઇ તથા દીનેશકુમાર રામજીભાઇ નાઓ સાથે લોકેશન આધારે ગણતરીની મિનિટો માં મણીનગર રેલ્વે ફાટક પર પહોંચી કલાક ૧૦/૧૫ વાગે સદરી યુવક ને રેલ્વે ફાટક પરથી પકડી સહી સલામત પોલીસ સ્ટેશન લાવી યોગ્ય કાર્યવાહી કરી યુવકનો જીવ બચાવી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા-૨૨/૦૬/૨૦૨૧

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

પંચમહાલ જીલ્લાના વેજલપુર પોલીસ સ્ટેશનની ઘરફોડ ચોરી તથા હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનના ફોરવ્હિલર બોલેરો ગાડી (વાહનચોરી)ના મુદ્દામાલ જેમાં બોલેરો ગાડી-૧ કિ.રૂ.૩,૦૦,૦૦૦/- તથા તેલના ડબ્બા નંગ-૧૫૫ કિ.રૂ.૩,૭૨,૦૦૦/- તથા મોબાઈલ ફોન-૧ મળી કુલ્લે કિ.રૂ.૬,૭૭,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી અલગ અલગ બે અનડીટેકટ ગુનાઓ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સિનીયર પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબનાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોર્ડના માણસોને સુચના આપી સઘન પેટ્રોલિંગ રાખી ગુનાઓ શોધવા જણાવેલ હોય જે અનુસંધાને સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ. ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબનાઓ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.મહેશકુમાર બાબુલાલ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે " એક સફેદ કલરની બોલેરો પીકઅપ ગાડી નં.જીજે.૦૭.બીએ.૭૮૪૮ નો ચાલક કે જેણે શરીરે વાદળી કલરનુ શર્ટ તથા સફેદ કલરનુ પેન્ટ પહેરેલ છે. તે ઈસમ બોલેરો પીકઅપ ગાડીમાં કેટલાક તેલના ડબ્બાઓ કોઈ જગ્યાએથી ચોરી અગર છળકપટથી મેળવી ભરી અસલાલી સર્કલ રીંગરોડ તરફથી ચલાવી લઈ આવી અત્રે થઈ દાણીલીમડા તરફ જવાનો છે." જે બાતમી હકીકત આધારે વોચમા રહેતા બાતમી હકીકતમાં જણાવેલ વર્ણનવાળી બોલેરો ગાડી આવતા તેને કોર્ડન કરી રોકી લઈ તેના ચાલકનુ પંચો રૂબરૂ નામઠામ પુછતાં તેણે પોતાનુ નામ અબ્દુલમન્નન ઉમરફારૂક જાતે ભલા (ઘાંચી) ઉ.વ.૩૦ ધંધો.ડ્રાઈવીંગ રહે.મ.નં.એ/૩૦૯, આમેના ટાઉનશીપ બાગેહસનની બાજુમાં કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેરનો હોવાનુ જણાવેલ અને તેના કબ્જાની બોલેરો ગાડીમાં જોતા કપાસીયા તેલના ડબ્બા નંગ ૧૫૫ કિ.રૂ.૩,૭૨,૦૦૦/-નો મુદ્દામાલ મળી આવતા પંચો રૂબરૂ તેની અંગઝડતી તપાસ કરી વિશ્વાસમાં લઈ યુક્તિ પ્રયુકતિથી પુછપરછ કરતાં તેને આજથી ચારેક દિવસ અગાઉ સલમાન અબ્દુલરઉફ સબુરીયા રહે.સાતપુલ સી સોસાયટી મોહંમદી મસ્જીદ પાસે ગોધરા તા.ગોધરા જી.પંચમહાલનો તેના મળતીયા ત્રણ માણસો સાથે બોલેરો ગાડી લાવી ઓઢવ રિંગ રોડ ઉપર વેચાણ કરવા આપી ગયેલાનુ જણાવી ગુનાનો એકરાર કરેલ હોય અને બોલેરો પીકઅપ ગાડીની આગળ પાછળની નંબર પ્લેટ ઉપર જોતા ટેક્ષી પાર્સિંગ આર.ટી.ઓ. નં.જીજે.૦૭.બીએ.૭૮૪૮ ની હોય જેનો ચેચીસ નં.MA1ZA2GAA51J34665 તથા એન્જીન નં.GA51J60176 નો હોય જે આર.ટી.ઓ. નંબરમાં છેડછાડ કરેલાનુ જણાતાં પોકેટકોપ મોબાઈલ ફોનમાં ગાડીનો નંબર નાખી જોતાં આર.ટી.ઓ.નં.જીજે.૦૬.ઝેડ.૬૧૬૦ નો તથા માલિકનુ નામ હરીશભાઈ ગેલાભાઈ ભરવાડ રહે.૧૧૦૨ ઉધ્યોગનગર હાલોલ પંચમહાલ ખાતેનુ હોય જે બોલેરો ગાડી ચોરીની હોય જેથી સદરી આરોપી પાસેથી મળી આવેલ બોલેરો ગાડીની કિ.રૂ.૩,૦૦,૦૦૦/– તથા કપાસીયા તેલના ડબ્બાઓની કિ.રૂ.૩૭૨૦૦૦/-તથા મોબાઈલ ફોન નંગ–૦૧ કિ.રૂ.૫૦૦૦/– મળી કુલ્લે કિ.રૂ.૬૭૭,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ ધી સી.આર.પી.સી કલમ.૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે અને મજકુર વિરુધ્ધમાં ધોરણસરની કાર્યવાહી કરી પંચમહાલ જીલ્લાના વેજલપુર તથા હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન સોંપવાની તજવીજ કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :-

1	અબ્દુલમન્નન ઉમરફારૂક જાતે ભલા (ઘાંચી) ઉ.વ.૩૦ ધંધો.ડ્રાઈવીંગ રહે.મ.નં.એ/૩૦૯, આમેના ટાઉનશીપ બાગેહસનની બાજુમાં કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેર

કબ્જે કરેલ મુદ્દામાલની વિગત :-

1	કપાસીયા તેલના ડબ્બાઓ નંગ-૧૫૫ ની કુલ્લે કિ.રૂ.૩૭૨,૦૦૦/-ગણાય
2	બોલેરો પીકઅપ ગાડી નં.જીજે.૦૬.ઝેડ.૬૧૬૦ ની આશરે કિ.રૂ.૩,૦૦,૦૦૦/- ગણાય
3	મોબાઈલફોન નંગ ૧ કિ.રૂ.૫૦૦૦/-ગણાય
4	ટોટલ કિ.રૂ.૬,૭૭,૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલ આરોપી પાસે કબ્જે કરેલ છે

શોધી કાઢેલ ગુનાની વિગત

1	વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૬૨૧૦૪૨૯/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૪૯૭,૩૮૦ મુજબ	તા.૨૧/૦૬/૨૦૨૧
2	હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૭૦૨૮૨૧૦૫૧૫/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબ	તા.૨૦/૦૬/૨૦૨૧

આરોપીનો ગુન્હો કરવાની એમ.ઓ.

આ કામના આરોપીઓ અલગ અલગ જીલ્લાઓમા જઈ, રેકી કરી,માહીતી મેળવી, રાત્રીના સમયે સુમશાન જગ્યાઓ ઉપર જઈ એકબીજાની મદદગારીથી ઘરફોડ ચોરી તથા વાહનચોરી કરી નાસી જવાની એમ.ઓ.ધરાવે છે

પોકેટકોપ મોબાઈલફોનની ઉપયોગીતા

સરકારશ્રી દ્વારા પોકેટકોપ મોબાઈલફોનના માધ્યમથી અતિ મહત્વની માહીતી મળતી હોય જેના આધારે આ ગુનામાં કબ્જે કરેલ બોલેરો ગાડીનો નંબર ચેક કરતા આરોપીએ ગાડીની અસલ આર.ટી.ઓ.નંબરપ્લેટ કાઢી નાખી તેની જગ્યાએ બનાવટી અને ખોટી આર.ટી.ઓ.નંબરપ્લેટ લગાડી હોવાનુ જણાતા આ કામમાં ઘણી અગત્યની માહીતી મળેલ હોય અને અગાઉ પણ ખુબ જ ઉપયોગી સાબીત થયેલ છે

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા એ.એસ.આઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ તથા પો.કો.વિરેન્દ્રસિંહ રુપસિંહ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ વિગેરે રોકાયેલ હતા




RANI



લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

છરી બતાવી રાહદારીઓના મોબાઇલ બળજબરી પુર્વક કઢાવી લેતા ઇસમોને મુદામાલ સાથે પકડી લોતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિ.સા.શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીઝન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી તથા પો.ઇન્સ આર.આર.બંસલ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા મ.સ.ઇ નારણભાઇ મુળજીભાઇ બ.નં.૭૫૫૭ નાઓ સર્વેલન્સ સ્કોર્ડના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન સાથેના અ.પો.કો દીપેશ વાલજીભાઇ બ.નં.૫૭૩૨ તથા અ.લો.૨ બ્રિજરાજસિંહ રામદેવસિંહ બ.ન.૧૩૧૧૪ નાઓને મળેલ સંયુકત બાતમી હકિકત આધારે ઇસમ નામે નં-(૧) કરણ સ/ઓ છોટુ વીજેશકુમાર ગુપ્તા ઉ.વ.૨૨ ધંધો.છુટક મજુરી રહે. હાથીની સમાધી સામે સપ્તરૂષીના આરાના કાચા છાપરામાં દાણીલીમડા અમદાવાદ શહેર તથા નં-(૨) સલમાનખાન ઉમરખાન પઠાણ ઉ.વ.૨૪ ધંધો.છુટક મજુરી રહે. બુખારીબાવાની દરગાહની બાજુમાં શીફા હોસ્પીટલ પાસે દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને પકડી લઇ અત્રેના પો.સ્ટે ખાતે દાખલ થયેલ ગુ.ર.નં-એ-૧૧૧૯૧૦૨૧૨૧૧૧૬૩/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૩૭૯(એ)(૪) ,૧૧૪ મુજબનો શોધી કાઢી આરોપીઓએ ફરીશ્રી તથા સાહેદને છરી બતાવી તેઓને ઇજા કરી એક મોબાઇલ ફોન તથા પર્સ બળજબરીથી ઝુટવી નાસી ગયેલ હોય જે આરોપીઓ પાસેથી કબ્જે કરી સદરી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પ્રોહીબિશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

મકાનમાં સંતાડી રાખેલ મોટા પ્રમાણમાં ઇંગ્લીસ દારૂનો જથ્થો પકડી પાડી ગણનાપાત્ર ક્વોલીટી કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ **પો.ઇન્સ એ.જે.ચૌહાણ** નાઓની આગેવાની હેઠળ **સર્વેલન્સ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ** તથા સાથેનો સ્ટાફ પો.ઇન્સ **એ.જે.ચૌહાણ** નાઓની સાથે હાલમાં ચાલી રહેલ કોરોના મહામારી તેમજ આવનાર રથયાત્રા ને લઇને પ્રોહી-જુગારની ડ્રાઇવ અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં ક.૧૪/૦૦ થી પેટ્રોલિંગમા હતા અને પેટ્રોલિંગ ફરતા-ફરતા ક.૧૪/૩૫ વાગે સૈજપુર ટાવર ખોડીયાર માતાના મંદિર પાસે આવતા સાથેના સાથેના અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ નાઓને સંયુકત રીતે ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " **સૈજપુર ગામ કુંભારવાસ ની સામે આવેલ નાની ખડકી રોડ ઉપર આવેલ મકાનમાં રહેતા બળવંત ઉર્ફે મુરલી લાલાજી ઠાકોર નાઓ પોતાના કબ્જાન ભોગવટાવાળા રહેણાંક મકાનમાં કેટલોક ભારતીય બનાવટનો ઇગ્લીસ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે** " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સાથેના સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રવાના થયેલ અને ઉપરોકત હકિકત મુજબ સદરી જગ્યાએ મકાન ની અંદર રેઇડ કરી સદરી જગ્યાએથી ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો Officers Choice classic whisky તથા Mc Dowells no-1, ની અલગ-અલગ બ્રાન્ડ ની ૪૨-નંગ બોટલો ની કુલ્લે કિ.રૂ.૨૭,૬૦૦/-ની મત્તાનો મુદ્દામાલ ક.૧૬/૦૦ વાગે મળી આવી નહી મળી આવેલ આરોપી બળવંત ઉર્ફે મુરલી સ/ઓ લાલાજી જાતે ઠાકોર રહે,નાની ખડકી કુંભારવાસ ની સામે સૈજપુર ગામ અમદાવાદ શહેર નાની વિરૂધ્ધ પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબ થી કાયદેસર ની કાર્યવાહી કરી પ્રોહીબીશન નો **ગણનાપાત્ર ક્વોલીટી** કેશ સોધી કાઢી નહી મળી આવેલ આરોપી બળવંત ઉર્ફે મુરલી સ/ઓ લાલાજી જાતે ઠાકોર નાની વિરૂધ્ધમાં વધુ તપાસ જારી રાખી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

આરોપીનુ નામ:- (નહી મળી આવેલ આરોપી) નામે બળવંત ઉર્ફે મુરલી સ/ઓ લાલાજી જાતે ઠાકોર રહે,નાની ખડકી કુંભારવાસ ની સામે સૈજપુર ગામ અમદાવાદ શહેર

મુદ્દામાલ :- ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો Officers Choice classic whisky તથા Mc Dowells no-1, ની અલગ-અલગ બ્રાન્ડ ની ૪૨-નંગ બોટલો ની કુલ્લે કિ.રૂ.૨૭,૬૦૦/-મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.ન.૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા વુ.લોકરક્ષક પિનલબેન જગદિશસિંહ બ.નં-૧૨૮૮૮

સોલા પોલીસ સ્ટેશન

પ્રીમિયમ ઇંગ્લીશ દારૂ બોટલ નંગ-૨૭૫, સહીત કુલ રૂ. ૧૪,૦૮,૩૦૫/- મુદ્દામાલ સાથે આરોપી પકડી સફળ પ્રોહીબિશન કેસ કરવામાં આવ્યો-સોલા પોલીસ

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડૉ. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એલ.બી.ઝાલા સાહેબ ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગાર જેવી અસામાજીક પ્રવૃતીને સંદતર નેસ્ત નાબુદ કરવા સારૂ હુકમ કરેલ હોય જે આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. એમ.જે.હુણ તથા સ્ટાફના માણસોએ બાતમી આધારે ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવેલ છે.

આરોપી:

વિનોદકુમાર છગનભાઇ વોરા(પટેલ) ઉવ.૫૪ રહે.-મ.નં-સી/૩૮ હરીવિલા બંગ્લોઝ, આર.સી.ટેકનીકલ રોડ, ઘાટલોડીયા અમદાવાદ શહેર.

શોધાયેલ ગુનાઓ:

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ "સી" ૧૧૧૯૧૦૪૫૨૧૧૦૯૭/૨૦૨૧ પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબ

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. એમ.જે.હુણ તથા પો.કો. વાલજીભાઇ ભોપાભાઇ બ.નં-૧૫૨૧ તથા પો.કો. માધુભાઇ પોલાભાઇ બ.નં-૧૦૯૧ તથા પો.કો. જયપાલસિંહ દશરથસિંહ બ.નં-૧૦૨૨૨ તથા પો.કો. રઘુવિરભાઇ જગુભાઇ બ.નં-૧૩૧૪ તથા અન્ય સ્ટાફના માણસો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

કબ્જે કરેલ મુદ્દામાલ : ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ-૨૭૫ કિ.રૂ.૯,૦૨,૮૦૫/-, મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ.૫૫૦૦/-, ટોયોટા કંપનીની કોરોલા કાર કિં.રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૧૪,૦૮,૩૦૫/- ના મત્તાનો.


JAMES



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૨૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૩૯૪ લીટર દેશી દારૂ, ૮૭૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૭૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૨૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૧૨૩/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ મહેન્દ્ર રમણલાલ ગાંધી (ઉ.વ.૮૧) (રહે. જૈન સોસાયટી એલીસબ્રીજ) એ તા.૨૨/૦૬/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન જેનો મોબાઈલ નંબર +૬૦૧૧૨૭૦૪૩૮૦૫ ના ધારકે એલીના નામ જણાવી વોટસએપ ઉપર મિત્રતા કેળવી વાઇનના વેપારમાં જોડાશો તો તમને ઇનવેસ્ટ કરવા બદલ મોટો નફો થશે તેવી લલચામણી ઓફર આપી વિશ્વાસમાં લઈ http://t15.lmom.live/#/ લીંક મોકલી રજીસ્ટ્રેશન કરાવી મહેન્દ્ર ગાંધી પાસેથી GOLDEN MARK TECHNOLOGIES PRIVATE LIMITED ના ICICI ના બેંક એકાઉંટ નંબર ૧૧૧૪૦૫૦૦૫૩૮૬ તથા STYLYN TECH PRIVATE LIMITED ના ICICI ના બેંક એકાઉંટ નંબર ૬૪૯૩૦૫૦૫૨૪૬૩ માં કુલ રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- ભરાવડાવી તેમાંથી રૂપિયા ૯૭,૦૦૦/- પરત આપી બાકીના રૂપિયા ૩૪,૦૩,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.ચૌધરી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૧૨૪/૨૦૨૧**

સરખેજઃ ધનશ્યામભાઇ ભવરલાલ શોભાલાલ ચાંડક (રહે. ક્રિષ્નાનગર, નવા વણઝર, ઉજાલા સર્કલ પાછળ, સરખેજ) એ તા.૨૨/૦૬/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૬/૨૦૨૧ રાતના ૮/૧૫ થી તા.૨૦/૦૬/૨૦૨૧ કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન સરખેજ રેલ્વે ફાટકની બાજુમા સાણંદ સર્કલ નજીક જલારામ એસ્ટેટ અમરનાથ મેટલ ગોડાઉન નં-૧૧ નો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી કોપરના સ્ક્રે ૩૦૦ કિલોગ્રામ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૧૨૫/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ નિરજકુમાર શ્યામનંદન ચૌધરી (રહે. માલાબાર કાઉન્ટી-૨, નિરમા યુનિવર્સીટી પાછળ છારોડી) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૨૧ સવારના ૧૧/૩૦ થી બપોરના ૪૩૦ વાગ્યા દરમ્યાન સોલા સાયન્સ સીટી રોડ પર આવેલ સીમ્સ હોસ્પીટલ સામે આવેલ જાહેર પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૩૨,૦૦૦/- તથા પ્રતીકભાઇ મલેશભાઇ ચોરડીયાની ગાડીના દરવાજાનો કાચ તોડી ચાર બેગ જેમા ત્રણ બેગમાં કપડા જે પૈકી એક બેગમાં રોકડ રૂપિયા ૨,૧૦,૦૦૦/- તેમજ લેપટોપ ૩૦,૦૦૦/- તથા રાજેશભાઇ દેસાઇ નાઓની કારના દરવાજાનુ લોક તોડી લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૧૨૬/૨૦૨૧**

બાપુનગરઃ પિયુષ ધીરુભાઇ વેકરીયા (ઉ.વ.૨૯) (રહે. શક્તિધારા સોસાયટી દીનેશ ચેમ્બર્સ પાછળ બાપુનગર) તા.૨૨/૦૬/૨૦૨૧ સવારના ૫/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર ઇન્ડીયા કોલોની રોડ મોંગીનીઝ કેકની દુકાન આગળથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ નંબર જીજે ૨૭ બીઆર ૨૧૮૫ ઉપર આવેલ બે પુરૂષ પિયુષ વેકરીયાના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેચી તોડી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પિયુષ વેકરીયાએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

ચીલ ઝડપઃ- **સમાચાર યાદી નં.૧૧૨૭/૨૦૨૧**

આનંદનગરઃ દશરથભાઈ ચેલાભાઈ ઠાકોર (ઉ.વ.૪૫) (રહે. મહમદપુરા ગામ મહાદેવ વાળો વાસ મહમદપુરા સરખેજ) તા.૨૨/૦૬/૨૦૨૧ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ પ્રેરણાતીર્થ-૧ આગળથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા નંબર ૮૮૯૩ ઉપર આવેલ ત્રણ સવારી પુરૂષ દશરથભાઈ ઠાકોરના હાથના અંગુઠા ઉપર ચપ્પુ મારી ઇજા કરી દશરથભાઈના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯૦૦૦/- સાથેનુ પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દશરથભાઈ ઠાકોરે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૧૨૮/૨૦૨૧**

શાહીબાગઃ દિપકભાઇ લક્ષ્મણભાઇ વૈશ્ણવ (ઉ.વ.૪૦) (રહે. શાંતિપુરા મનુભાઇની જુની ચાલી શાહીબાગ) તા.૨૨/૦૬/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે અસારવા મીલમાં કામ કરતા હતા ત્યારે સીડી ઉપરથી પગ લપસી પડતા નિચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીગ્નેશકુમાર મનુભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી